3૭૦૨૧-૮૪


ક્રમાંકઃજીસીઇઆરટી/એસટીટીઆઈ-તાલીમ/૨૦૨૧-૨૨/

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,

'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર

Email: gcerttraining@gmail.com


તારીખઃ ૩૧-૧૨-૨૦૨૨

**નિયામક**

પ્રતિ,

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી

જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી (તમામ,)

**વિષયઃ સ્ટેટ રીસોર્સ જૂથ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) રચના બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે NEP-2020 અન્વયે રાજ્યના માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માંથી સ્ટેટ રિસોર્સ ગ્રુપ(SRG)ની રચના કરવાની થાય છે. સ્ટેટ રિસોર્સ ગ્રુપમાં ઉત્સાહી અને અધ્યયન-અધ્યાપન કાર્યમાં કુશળ, સંલગ્ન વિષયમાં નવીન પ્રવાહોથી વાકેફ હોય તેમજ સંશોધન કરી શકે તેવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક - આચાર્યશ્રીની પસંદગી કરવામાં આવશે. સ્ટેટ રિસોર્સ ગ્રુપ(SRG)ના સભ્યો અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક લેખન, પરામર્શન, સમીક્ષા, તાલીમ માટે શૈક્ષણિક સાહિત્ય નિર્માણ,તજજ્ઞ તરીકે કાર્યો માટે રાજ્ય કક્ષાએ જીસીઇઆરટી અને જીલ્લા કક્ષાએ ડાયેટ સાથે સમયાંતરે કામગીરી કરવાની રહેશે.

સ્ટેટ રિસોર્સ ગ્રુપ (SRG) (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) પસંદગીની પ્રક્રિયામાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી સરકારી/ ગ્રાન્ટ ઇન એઈડ તથા સ્વ નિર્ભર તેમજ અન્ય વિભાગ દ્વારા સંચાલિત શાળાઓ જેવા કે મોડેલ સ્કૂલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ટ્રાયબલ ડિપાર્ટમેન્ટ વગેરે સંચાલિત શાળાઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકશાળાના માધ્યામિક શિક્ષણ વિનિયમ 20 મુજબ નિમણુક થયેલ શિક્ષકો-આચાર્યશ્રી સામેલ વિષયોની યાદીમાંથી વિષય પસંદ કરી QR code સ્કેન કરી ગુગલ ફોર્મમાં જરૂરી વિગતો ભરી સ્ટેટ રિસોર્સ ગ્રુપ (SRG) પસંદગીની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. વિષયવાર મળેલી અરજીના આધારે જરૂર જણાય તો સ્ટેટ રિસોર્સ ગ્રુપ (SRG) પસંદગીની પ્રક્રિયામાં ભાગ લીધેલ શિક્ષક-આચાર્ય અરજીની ચકાસણી બાદ પાત્રતા ધરાવતા શિક્ષક-આચાર્યશ્રીની Elimination Test કે રૂબરૂ મુલાકાત દ્વારા સ્ટેટ રિસોર્સ ગ્રુપ (SRG) માં આખરી પસંદગી કરવામાં આવશે. Elimination Test 60./. ગુણ વિષયવસ્તુ આધારિત અને 40./. ગુણ પેડાગોજી, શિક્ષણના નવા પ્રવાહો અને રીઝનીંગના રહેશે. આમ કુલ 100 ગુણનું પ્રશ્નપત્ર રહેશે. રૂબરૂ મુલાકાતમાં લેખન કૌશલ્ય,પાઠ નિદર્શન,જૂથ ચર્ચા/ શિક્ષણક્ષેત્રે કરેલ વિશિષ્ટ કામગીરીના આધારે પસંદગી કરવામાં આવશે. જો વિષયવાર અરજીઓ ઓછી આવી હશે તો રૂબરૂ મુલાકાત દ્વારા પસંદગી કરવામાં આવશે.ઉક્ત વિગતો જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)

નિયામક

જીસીઇઆરટી,ગાંધીનગર

- નકલ સંકલન સારું-પ્રાચાર્યશ્રી, જિલ્લાશિક્ષણ અને તાલીમ ભવન (તમામ )

જા.નં./માધ્ય/૨૦૨૩/૭૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

સુરત તા.

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ ગ્ર.મા.અને ઉ.મા.
શાળાઓ તરફ.

૨/ — ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત. જિલ્લો, સુરત

## માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક વિભાગ માટે સ્ટેટ રીસોર્સ વિષયો

| ક્રમ | ધોરણ ૯-૧૦ (માધ્યમિક) | ધોરણ ૧૧-૧૨ (ઉચ્ચ.માધ્યમિક) |
|---|---|---|
| 1 | કોમ્પ્યુટર | કોમ્પ્યુટર |
| 2 | ચિત્ર - | ચિત્ર - |
| 3 | સંગીત | સંગીત |
| 4 | યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ | યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ |
| 5 | અંગ્રેજી (S.L) અને અંગ્રેજી (F.L) | અંગ્રેજી (S.L) અને અંગ્રેજી (F.L) |
| 6 | ગુજરાતી | ગુજરાતી |
| 7 | સંસ્કૃત | સંસ્કૃત |
| 8 | હિન્દી | હિન્દી |
| 9 | સામાજીક વિજ્ઞાન | ભૂગોળ |
| 10 | ગણિત | ઈતિહાસ |
| 11 | વિજ્ઞાન | રાજ્યશાસ્ત્ર |
| 12 | - | તત્વજ્ઞાન |
| 13 | - | મનોવિજ્ઞાન |
| 14 | - | સમાજશાસ્ત્ર |
| 15 | - | ગણિત |
| 16 | - | જીવવિજ્ઞાન (Gujarati/ English Medium ) |
| 17 | - | રસાયણશાસ્ત્ર (Gujarati/ English Medium) |
| 18 | - | ભૌતિકવિજ્ઞાન (Gujarati/ English Medium) |
| 19 | - | નામાના મૂળતત્વો |
| 20 | - | વાણીજ્ય વ્યવસ્થા અને સંચાલન |
| 22 | - | વાણીજ્ય પત્રવ્યવહાર અને સેક્રેટરીયલ પ્રેક્ટિસ |
| 23 | - | અર્થશાસ્ત્ર |
| 24 | - | આંકડાશાસ્ત્ર |